# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સવારે તેમના નિવાસસ્થાને ખાસ બેઠક યોજી. જેમાં રાજ્યમાં જીવન જરૂરી ચીજવસ્તુઓ અંગે સમીક્ષા કરવામાં આવી. બેઠક અંગે વધુ માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, રાજ્યમાં ગેસ પુરવઠો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ગેસ કનેક્શન આપવા 50થી વધુ ટીમો કાર્યરત છે. રાજ્યમાં એક કરોડ 28 લાખ LPG ગેસ ગ્રાહકો છે.

આ પરિવારોને સંપૂર્ણ ગેસ આપવામાં આવશે. શ્રી સંઘવીએ જણાવ્યું, કાળા બજાર અને અફવા ફેલાવનાર સામે કાર્યવાહી થશે. કાળા બજારી કરનાર 17 લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે

ઉપરાંત રાજ્યમાં કામ કરતા શ્રમિકો માટે પણ પગાર અને જમવાની વ્યવસ્થા અંગે ચિંતા કરવામાં આવી છે.

# CM RAJKOT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે રાજકોટની મુલાકાતે છે. ત્યારે રાજકોટ હવાઈમથકે તેમનું સ્વાગત કરાયું. આ સ્વાગત અભિવાદનમાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સહિતના અધિકારી ઉપસ્થિત રહ્યાં હતાં. અહીં અભિવાદન બાદ મુખ્યમંત્રીશ્રી અટલબિહારી વાજપેયી ઓડિટોરિયમ ખાતે યોજાયેલા 'હેતનો હોંકારો' કાર્યક્રમમાં જવા રવાના થયા હતાં.

# NAVSARI MACHIMAR

પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે નવસારી જિલ્લાના માછીમારો ઈરાનમાં ફસાયા છે. ગણદેવી તાલુકાના ભાટ ગામના ત્રણ માછીમારો હોવાની માહિતી મળે છે. જો કે આ ત્રણ ઉપરાંત પણ બીજા માછીમારો પણ ઈરાનમાં ફસાયા હોવાનું જાણવા મળે છે. ગણદેવી તાલુકાના માછીમાર અગ્રણી અને ધોલાઈ બંદર સમિતિના સભ્ય માથુર ટંડેલે આ માછીમારોને સલામત પરત લાવવા માટે સરકારને વિનંતી કરી છે

બાઇટ : માથુર ટંડેલ, ધોલાઈ બંદર સમિતિના સભ્ય

# KHEDA SANJAYSINH

મહેસુલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ ખેડા જિલ્લાના મહુધાની શેરી પ્રાથમિક શાળાનું લોકાર્પણ કર્યું. એક કરોડ 64 લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ આ નવીન શાળા આધુનિક સુવિધાઓથી સજ્જ છે જેથી વિદ્યાર્થીઓને હવે ગુણવત્તાયુક્ત અને સુખદ શિક્ષિત વાતાવરણ મળી રહેશે. શ્રી મહિડાએ આજે મહુધા એસટી ડેપો ખાતેથી અમદાવાદ- લીમડી એક્સપ્રેસ બસને લીલી ઝંડી આપી. તેમણે 54 લાખના ખર્ચે સ્વચ્છ ભારત મિશન ગ્રામ્ય અંતર્ગત મહુધા તાલુકા પંચાયત ખાતેથી 23 ઇ-રીક્ષાનું પણ લોકાર્પણ કર્યું.

# MAHISAGAR VIJ CHECKING

મહીસાગર જિલ્લાના ત્રણ તાલુકામાં આજે મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું, જેમાં વીજ ચેકીંગ કરતા **4** લાખ  રૂપિયાની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી. સાંભળીએ અમારા પ્રતિનિધિ કૌશિક જોશીનો અહેવાલ..

વોઇસ કાસ્ટ : કૌશિક જોશી

# MEHSANA MEDICAL SEWA

મહેસાણા જિલ્લાના બહુચરાજી ખાતે 31 માર્ચથી બીજી એપ્રિલ દરમિયાન ચેત્રી પૂનમ મેળો યોજાશે. જે અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા માઈ ભક્તોને સમયસર આરોગ્ય સેવાઓ પુરી પાડવા માટે તૈયારીઓ શરૂ કરાઇ રહી છે. જેમાં બે મોબાઈલ ટીમ પણ ઉપસ્થિત રહેશે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભરત સોલંકીએ જણાવ્યું કે આરોગ્યની સેવાને લઈ 17 મેડિકલ ટીમો તૈયાર રહેશે અને 50થી વધુ આરોગ્યકર્મીઓ પણ સેવા આપશે.

# MEHSANA YOGASAN

અખિલ ભારતીય સિવિલ સર્વિસીસ યોગાસન ટુર્નામેન્ટમાં મહેસાણાના પુનાસન ગામની અનુપમ પ્રાથમિક શાળાના ચેતના ચૌધરીએ આર્ટિસ્ટીક સોલોમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આ સ્પર્ધા પંજાબના ચંદીગઢ ખાતે યોજાઈ હતી જેમાં ગુજરાત રાજ્યની ટીમનું પ્રતિનિધિત્વ ગુજરાત સેક્રેટરીએ કર્યું હતું.